# હવે ખાદ્ય ચીજ પદાર્થના લેબલમાં ભાવ સાથે વજન – માપ પણ લખવું જરૂરી !

રાજકોટ, તા.૨૨

ગુજરાતમાં હોટેલ-રેસ્ટોરેન્ટ, મૌલ-મલ્ટીપ્લેક્ષ સહિત જ્યાં પણ ખાદ્યસામગ્રી, ઠંડાપીણાનું વેચાણ થતુ હશે તેવા એકમોમાં ફાસ્ટફૂડ સહિતની ચીજ વસ્તુઓ સામે માત્ર કિંમત જ નહિ પણ તેની સાથે વજન કે માપનો ઉલ્લેખ કરવો પડશે. મેનુમાં વોલ્યુમ કે મેજરમેન્ટ નહી દર્શાવાય તો ધ ગુજરાત લીગલ મેટ્રોલોજી (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૧૧ હેઠળ માલિક, ભાગીદાર કે કંપનીના કિસ્સામાં ડાયરેક્ટર દિઠ રૂપિયા પાંચ હજારના દંડથી લઈને પ્રોસિક્યુરાન કેસ સુધીની કાર્યવાહી થશે.નિયંત્રક અને નિયામકની કચેરીના કહેવા મુજબ આ મલ્ટીપ્લેક્ષ આઇનોક્સ લેઝર લિમિટેડ કંપની દ્વારા સંચાલિત છે. આ પ્રકારની નિષ્કાળજી માટે આઠ ડાયરેક્ટર અને એક મેનેજર દોષિત હોવાથી તમામ સામે રૂપિયા પાંચ- પાંચ હજારના દંડ માટે નોટિસની કાર્યવાહી પણ કરવામાં આવી છે.વેચાણ હેઠળની ખાદ્યસામગ્રીની માત્રા અને માપ



દર્શાવવા સંદર્ભે કાયદામાં પહેલાથી જ જોગવાઈ હોવા છતાંયે લાંબા સમયથી વાસ્તવિકપણ તેનો અમલ થતો નથી. આથી, કાનૂની માપ વિજ્ઞાન નિયંત્રક અને ગ્રાહક બાબતોના નિયામકની કચેરી દ્વારા જિલ્લા સ્તરે મદદનીશ નિયામકોથી લઈને ઈન્સ્પેક્ટર સ્તરના તંત્રને હોટલના મેનુમાં શાક, દાળ, છાશ, ભાત સહિતની ખાદ્ય સામગ્રીઓની કિંમતની સામે માપ કે વજન પણ દર્શાવવા તાકીદ કરવા સુચના આપી છે. આ સંદર્ભે નાગરીકોમાં જાગૃતિ કેળવાય તેના માટે પુરતા પ્રયાસો કરવા પણ કહેવાયુ છે.

# મતદાર યાદીમાં ૧૯૬૦૦થી વધુ નામ ઉમેરાયા !

## ધોરાજી મતદાન મથકનું ચેકિંગ કરતા ઓબ્ઝર્વર ઉપાધ્યાય

રાજકોટ તા.૨૨

ગુજરાત વિધાન સભાની ચુંટણી પૂર્વે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે. તેમાં રાજકોટ સંસદીય મત વિસ્તારમાં ગઈકાલે થયેલા ખાસ કેમ્પમાં વધુ ૧૯,૬૮૭ મતદારોનો ઉમેરો થવા પામ્યો છે. દરમિયાન રાજકોટના ઓબ્ઝર્વર અને સચિવ નલીન ઉપાધ્યાયે ધોરાજીમાં ૮ મતદાન મથકની મુલાકાત લીધી હતી. બે રવિવારની ઝૂંબેશ દરમિયાન જિલ્લામાં કુલ ૩૯,૭૬૩ મતદારોનો વધારો થવા પામ્યો છે. રાજકોટ શહેર સહિત જિલ્લામાં કુલ ૧૦,૯૯૩ નવા મતદારોનો વધારો થવા પામ્યો છે. જ્યારે ૩૮૮૯ મતદારોએ નામ કમી કરાવ્યા છે અને ૩૦૬૭ મતદારોએ નામમાં સુધારો કરાવ્યો છે. તેમજ ૧૭૩૮ મતદારોએ સ્થળ બદલ્યા છે. આમ,



એક જ દિવસમાં ૧૯,૬૮૭ મતદારોએ મતદાર યાદીમાં સુધારા વધારા કરાવ્યા હોવાનું સત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે.

રાજકોટ પૂર્વ વિસ્તારમાં ૧૨૯૪, પશ્ચિમમાં ૧૫૧૩, દક્ષિણમાં ૧૨૮૯, રાજકોટ ગ્રામ્યમાં ૨૮૨૭, જસદણમાં ૧૧૫૬, ગોંડલમાં ૮૨૯, જેતપુરમાં ૧૧૫૫ અને ધોરાજીમાં ૯૩૦ મળી કુલ ૧૦,૯૯૩ યુવા મતદારોએ મતદાર યાદીમાં નામમાં ઉમેરો કરાવતાં આગામી ચુંટણીમાં આ યુવાનો પ્રથમ વખત મતદાન કરનાર છે.

આગામી શનિવાર-રવિવારના રોજ સળંગ બે દિવસ મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ચાલુ રહેનાર છે. તેમાં વધુ મતદારોનો ઉમેરો થનાર છે. આમ, રાજકોટ સંસદીય મત વિસ્તારમાં સંભવિતઃ ૮૦ હજારથી વધુ મતદારોના નામમાં ઉમેરો થવાની સક્યતા છે. અત્યાર સુધીમાં રાજકોટ પૂર્વમાં ૪,૧૪૬, પશ્ચિમમાં ૫,૪૨૨, દક્ષિણમાં ૪૨૯૦, રાજકોટ ગ્રામ્યમાં ૮૭૫૬, જસદણમાં ૩૭૩૫, ગોંડલમાં ૪૦૯૭, જેતપુરમાં ૫૧૦૬, ધોરાજીમાં ૪૨૧૧ સહિત ૩૯,૭૬૩ મતદારો નવા ઉમેરાયા હોવાનું ચુંટણી શાખાના સૂત્રોએ જણાવ્યું છે.

# આશાવર્કર બહેનોની પુરતા વેતનની ઉગ્ર માંગ : સુત્રોચ્ચાર સાથે કરી રજૂઆત

## માળિયા હાટીનાના મામલતદારને આવેદન પત્ર પાઠવ્યું : આગામી સમયમાં ઉગ્ર આંદોલન ઉચ્ચારી ધમકી

(પ્રતિનિધિ દ્વારા)

માળિયા હાટીના તા. ૧૨

પૂરતા વેતન ની માગણી સાથે માળીયા હાટીના તાલુકા ના આશા વર્કર બહેનો ઉગ્ર સૂત્રો ચારો સાથે મામલતદાર ને આવેદન આપ્યું હતું.

આશા વર્કર બહેનો ની કામ ગિરિ એ આરોગ્ય ની ખુબજ જરૂરી કામગીરી છે. માળીયા હાટીના ના તાલુકાના ૧૬૦ થી પણ વધારે આસા વર્કર બહેનો પોતાના નાના ૫ થી. ૬ વર્ષના બાળકો અને પોતાના પરિવાર પણ પરવા કર્યા વગર દર રોજ સવાર ના ૯ વાગ્યા થી સાંજ ના ૭ વાગ્યા સુધી આરોગ્ય અને



(તસવીર : મહેશ કાનાબાર, માળિયા હાટીના)

વેક્સિન સહિત ની કામ ગિરિ નિષ્ઠા પૂર્વક કરે છે તેમ છતાં સરકાર દ્વારા ખુબજ અપૂરતી વેરાન મળે છે.

આ અંગે આશા વર્કર બહેનો એ અનેક વખત રજૂઆતો કરી છે પણ કોય સાંભળતું નથી બે દિવસ પહેલા આશા વર્કર બહેનો એ ભંડુરી. ના મેડિકલ ઓફિસર ને પૂરતા વેતન ની માગણી સાથે આવેદન આપેલ હતું આજે પણ માળીયા હાટીના તાલુકા ના આશા વર્કર બહેનો મોટી સંખ્યા મા આવી ને ઉગ્ર શુત્રો ચારો પોકારી ને મામલતદાર ને આવેદન પત્ર આપી આશા વર્કર બહેનો ને પૂરતું વેતન મળે એવી રજૂઆતો કરી ને લેખિત આવેદન પત્ર આપ્યું હતું અને પૂરતું વેતન મળે એવી પણ માગણી કરી હતી. અને સરકાર વેતન નહિ વધારે તો આશા વર્કર બહેનો આવનારા સમયમાં ઉગ્ર આંદોલન કરશે એવી પણ ચીમકી આપો છે

જ્યાં સુધી સરકાર કોય યોગ્ય ઉકેલ નહિ લાવે ત્યસુધી તમામ કામગીરી નો આશા વર્કર બહેનોએ આશા વર્કર બહેનો એ બહિષ્કાર કરેલ છે

# ધો. ૧૦માં બન્ને ઓપ્શનવાળા વિદ્યાર્થીને ડીપ્લોમાં પ્રવેશ

રાજકોટ, તા.૨૨

ધોરણ.૧૦મા ગણિત સ્ટાન્ડર્ડ કે બેઝિક કોઈપણ વિકલ્પ પસંદ કર્યો હશે તો પણ ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ આપવામાં આવશે તેવો શિક્ષણ વિભાગ દ્વારા નિર્ણય લેવાયો છે. જેના ભાગરૂપે ડિપ્લોમા કોર્સિસની એડમિશન કમિટીએ પણ આ નિર્ણય સંદર્ભે આજે જાહેર કરી દીધી છે.ધોરણ.૧૦ બાદ વિદ્યાર્થીઓ પોતાની ઈચ્છથી પાસ થયાં બાદ સાયન્સ રાખવું કે કોમર્સ તે પસંદ કરી શકતાં હતાં. આ ઉપરાંત ઘણા વિદ્યાર્થીઓ ગણિત વિષયમાં નબળા સાબિત થતાં હતા. જેથી શિક્ષણ વિભાગે ધોરણ.૧૦ના ગણિત વિષયના પેપરના બે ભાગ કરી દીધા, એક બેઝિક ગણિત અને બીજુ સ્ટાન્ડર્ડ ગણિત.

આ વિકલ્પી વિદ્યાર્થી ધોરણ.૧૦ની બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરે ત્યારે જ તેને સાયન્સમાં જવું હોય તે ગણિત સ્ટાન્ડર્ડ વિકલ્પ પસંદ કરવાનો હોય છે અને કોમર્સમાં જવું હોય તો બેઝિક વિકલ્પ પસંદ કરવાનો હોય છે, જે બોર્ડની પરીક્ષાના હવે જે ફોર્મ ભરવાના શરૂ થશે તેમા વિદ્યાર્થીઓ પસંદ કરશે. જોકે હવે ઘણા વિદ્યાર્થીઓ ધોરણ.૧૦ પછી ડિપ્લોમા ઈજનેરીમાં સીધો પ્રવેશ મેળવતાં હોય છે. તો આ વિદ્યાર્થીઓમાં અને પ્રોફેશનલ કોર્સિસની પ્રવેશ સમિતીમાં એક દ્વિધા ઉભી થઈ હતી કે, બેઝિક ગણિતના વિદ્યાર્થીઓને ડિપ્લોમામાં પ્રવેશ આપવો કે કેમ ? જે અંગે તાજેતરમાં શિક્ષણ વિભાગની એક બેઠક મળી હતી જેમા નિર્ણય લેવાયો હતો કે બેઝિક ગણિત હોય કે સ્ટાન્ડર્ડ ગણિત ડિપ્લોમા ઈજેનેરીમાં બંને વિકલ્પ વાળા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. આ અંગે પ્રવેશ સમિતિ દ્વારા સત્તાવાર અખબારી યાદી પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવી છે.


### પોરબંદર–છાંયા નગરપાલિકા

–:: ઈ–ટેન્ડરીગ નિવિદા::–

ચીફ ઓફીસર, પોરબંદર–છાંયા નગરપાલિકા દવારા રજીસ્ટર્ડ કોન્ટ્રાકટરો પાસેથી નીચેના કામના ઓન લાઈન ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડર આઈ.ડી નં.૪૯૨૯૦૨

સ્વર્ણિમ જયંતિ યુ.ડી.પી.–૮૮ સને ૨૦૧૭–૧૮ તથા ૨૦૧૮–૧૯ ની બચત ગ્રાન્ટ

| ક્રમ | કામની વિગત | અંદાજીત રકમ | ઈએમડી | ટેન્ડર ફી |
|---|---|---|---|---|
| ૧ | ગોઢાણીયા કોલેજ પક્ષી અભ્યારણ થઈ છાંયા રોડ સુધીનો રસ્તો આર.સી.સી. રોડ બનાવવાનું કામ તથા પક્ષી અભ્યારણનાં મેઈન રોડને જોડતો એપ્રોચ રોડ આર.સી.સી. રોડ બનાવવાનું કામ. | ૧૧૯૩૯૩૭૪/– | ૧૧૯૪૦૦/– | ૧૧૯૪૦/– |

ઈએમડી તથા ડોકયુમેન્ટ ફી ચીફ ઓફીસર, પોરબંદર–છાંયા નગરપાલિકાની તરફેણમાં ભરવાની રહેશે. સદરહુ કામની ટેન્ડર ડોકયુમેન્ટ તથા ઈ–ટેન્ડરને લગતી વધુ માહિતી માટે http://www.nagarpalika.nprocure.com પર લોગ ઓન કરવુ અથવા પોરબંદર–છાંયા નગરપાલિકાની બાંધકામ શાખાનો સંપર્ક કરવો ભરેલ ટેન્ડર ઈલેકટ્રોનીક ફોર્મેટમાં વેબ સાઈટ http://www.nagarpalika.nprocure.com પર ડીજીટલ સહી સાથે ઓન લાઈન સબમીટ કરવાનું રહેશે. તા.૨૨.૧૧.૨૦૨૧ થી ઈ–ટેન્ડર ઓનલાઈન જોઈ શકાશે. ઓન લાઈન ઈ–ટેન્ડર ભરવાની છેલ્લી તા.૦૮.૧૨.૨૦૨૧ છે. અને ફીઝીકલ ડોકયુમેન્ટ સબમીટ કરવાની છેલ્લી તા.૧૫.૧૨.૨૦૨૧ છે. ઓન લાઈન ટેકનીકલબીડ તા.૧૬.૧૨.૨૦૨૧ ને બપોરના ૧૧:૦૦ કલાકે ખોલવામાં આવશે. તથા ઓન લાઈન ઈ–ટેન્ડર તા.૧૭.૧૨.૨૦૨૧ ને બપોરના ૧૨:૩૦ કલાકે ખોલવામાં આવશે.

ચીફ ઓફીસર
પોરબંદર–છાંયા નગરપાલિકા

પ્રમુખ
પોરબંદર–છાંયા નગરપાલિકા


# જામકંડોરણામાં ગેસ આધારીત સ્મશાન સગડીનું લોકાર્પણ

## રાજકોટ જીલ્લામાં આવી સારી, સેવા મેળવતું પ્રથમ ગામ બનતું કંડોરણા

(પ્રતિનિધિ દ્વારા) ધોરાજી તા. ૧૨

જામકંડોરણા ગામ ખાતે રાજકોટ જીલ્લામા સૌ પ્રથમ ગ્રામપંચાયત લેવલે રૂ.૪૫ લાખના ખર્ચે ગેસ આધારીત સ્મશાન સગડી નૂ લોકાર્પણ કરાયૂ છે

રાજકોટ જીલ્લા ના જામકંડોરણા તાલૂકા માં જામકંડોરણા ગામ ખાતે માજી મંત્રી ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા ના પ્રયાસો થી સરકાર દ્વારા ૪૫ લાખ ના ખચે ગેસ આધારીત સ્મશાન સગડી મંજૂર કરાઈ હતી જેમની કામગીરી પૂણ થતાં જામકંડોરણા ગામ ખાતે ગેસ આધારીત સ્મશાન સગડી નો લોકાર્પણ કાયકમ યોજાયો હતો આ



કાયકમમા ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા, ડેરી ના માજી ચેરમેન ગોવીદ ભાઈ રાણપરીયા, યાડ ચેરમેન વિઠલ ભાઈ બોદર, ચદૂભા ચોહાણ, જીતૂભાઈ ગોડલીયા, સહિતના અગણી ઓ ની ઉપસ્થિતી માં લોકાર્પણ કરાયૂ હતૂ.

આ અંગે ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા એ જણાવ્યુ હતુ જામકંડોરણા ગામ ખાતે રાજકોટ જીલ્લામા સૌ પ્રથમ ગ્રામપંચાયત લેવલે રૂ.૪૫ લાખના ખર્ચે ગેસ આધારીત સ્મશાન સગડી કાયરત કરાઈ છે જેમનૂ લોકાર્પણ કરાયૂ છે.

# તાલાલા હરિપુર ગીર ગામમાં પાંચ વર્ષથી એસટી બસના દર્શન બંધ

## તંત્રની લાપરવાહીને કારણે ગામની ૩૦૦૦ જનતા હેરાન પરેશાન

(સરદારસિંહ ચૌહાણ)

તાલાલાગીર તા.૨૨

તાલાલા ગીર થી ૧૨ કિ.મી દૂર ગીરના જંગલમાં આવેલ હરીપુર ગીર ગામે એસ.ટી બાબુઓના પાપે છેલ્લા પાંચ વર્ષથી એસ.ટી બસ ના દર્શન કર્યા નથી.હરીપુર ગીર ગામલોકોના જણાવ્યા પ્રમાણે ૩૦૦૦ ની માનવ વસ્તી ધરાવતા હરીપુર ગીર ગામના લોકોના પરિવહન માટે અગાઉ સાત એસ.ટી બસો આવતી હતી,એસ.ટી બાબુઓએ ધીમે ધીમે તમામ બસો બંધ કરી દીધી.પરિણામે ગામની પ્રજાને છેલ્લા પાંચ વર્ષથી એસટી બસ ના દર્શન થયા નથી.

હરીપુર ગીર ગામે પ્રાથમિક શાળા ઉપરાંત માધ્યમિક શાળા પણ આવેલ છે,બંને શાળાઓમાં આજુબાજુના ગામોમાંથી બાળકો અભ્યાસ માટે આવે છે.આ ઉપરાંત હરીપુર ગીર તથા આજુબાજુના ત્રણ ગામો તથા જંગલના નેસડામાં વસવાટ કરતાં પરિવારોને તાલાલા ગીર આવવા-જવા માટે એસ.ટી બસો એક માત્ર સહારો છે.પરંતુ મનસ્વી એસ.ટી બાબુઓએ ગામની તમામ એસ.ટી બસો બંધ કરતા હરીપુર ગીર ગામની ગ્રામીણ પ્રજા તથા ખેડૂતો પરિવહન સેવા વિહોણા થઇ ગયા હોય, એસ.ટી.ના ઉચ્ચ સત્તાવાળા તુરંત તપાસ કરી યોગ્ય ન્યાય અપાવે તેવી હરીપુર ગીર ગામમાંથી પ્રબળ લોક માંગણી ઉઠી છે.


RAJKOT URBAN DEVELOPMENT AUTHORITY

E - mail :- rajurbandev@yahoo.com

ટેન્ડર નોટીસ

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ માન્ય કોન્ટ્રાકટર પાસેથી નીચે મુજબના કામ માટે ઓનલાઇન ભાવ-પત્રક મંગાવવામાં આવે છે.

| ક્રમ નંબર | ટેન્ડર નંબર | કામનું નામ | અ)એસ્ટીમેટેડ કોસ્ટ બ) અર્નેસ્ટ મની ક) ઈ-ટેન્ડર ફી ડ) લાસ્ટ ડેટ ઓફ ઓનલાઈન સબમીશન |
|---|---|---|---|
| ૧ | રૂડા/ 211/ 2021-22 | Renovation of Toilet Blocks & Replacing of Existing Water Supply and Drainage line in GF to Seventh Floor in Office Building,Vikas Bhavan,RUDA,Rajkot | a)રૂ. 19,99,737/-, b) રૂ.20,000/- c) રૂ.1330/- (૧૮%GST સાથે) d)તા.9.12.2021 |

ટેન્ડરની વધુ જાણકારી માટે www.nprocure.com વેબસાઇટ પર માહિતી ઉપલબ્ધ થશે. વધારાની માહિતી જેવી કે નોટીફિકેશન, કોરીજન્ડમ, સુધારો, પ્રી-બીડ વગેરે ઉપર મુજબની વેબસાઇટ પર ઉપલબ્ધ થશે. (માહિતી/રાજ/૧૦૮૨/૨૧)

NOTICE

I THE UNDER SIGNED KUNDAN NARENDRA BUDDHDEV HAVE CHANGED MY NAME FROM KUNDANBALA NARENDRAKUMAR BUDDHDEV TO KUNDAN NARENDRA BUDDHDEV AND NOW I AM KNOWN AS KUNDAN NARENDRA BUDDHDEV

PLACE : PORBANDAR
DATE : 22-11-2021

જા.નં.૧૦૪/૨૦૨૧

જાહેર નોટીસ

અમો સંજયભાઈ ભીખુભાઈ કાપડીયા- એડવોકેટ, મું.તડકા પીપળીયા, તા.ભેંસાણ, જી.જુનાગઢ- જાહેર જનતાને આ જાહેર નોટીસથી વિદિત કરીએ છીએ કે રસીલાબેન વલ્લભભાઈ સોજીત્રા તથા વલ્લભભાઈ દેવશીભાઈ સોજીત્રા- રહે.'આકાંક્ષા', શેરી નં.૧૧, ઉદયનગર, મવડી મેઈન રોડ, રાજકોટ- નાઓની માલિકી/ ભોગવટાની તમામ સ્થાવર જંગમ મિલકતનો એકમાત્ર વારસદાર તેઓનો દત્તક પુત્ર 'શિવ' કે જે હાલ અમોનાં આશરે અને અમોની છત્રછાયાંની હુંફ હેઠળ હોય તેમજ 'શિવ'ને વારસાઈમાં મળેલી તમામ મિલકતનો તમામ પ્રકારનો વહીવટ હાલમાં અમો કરી રહ્યા હોય, જેથી અમોને પુછ્યા વગર કોઈપણ મિલકત સંબંધે કરવામાં આવેલ કોઈપણ પ્રકારનાં વ્યવહારની સંપુર્ણ જવાબદારી વ્યવહાર કરનારની રહેશે. જેની જાહેર જનતાએ આ સાથે નોંધ લેવા અંગે જાણ કરવામાં આવે છે.

તાજેતરમાં અમોને જાણમાં આવેલ છે કે કેટલાક લેભાગુઓ તેમજ અસામાજીક તત્વો દ્વારા ખોટાં રેકર્ડ ઉભા કરીને મિલકતનો કબજો મેળવવા તેમજ કાનુની વિવાદ ઉભો કરવા સબબની કામગીરી થઈ રહેલ હોય તેવાં તમામ તત્વો વિરૂધ્ધ ફોજદારી કાર્યવાહી કરવાની તજવીજ હાલ અમો હાથ ધરી રહેલ છીએ. જેની પણ નોંધ લેવાં આ સાથે જાણ કરવામાં આવે છે.

સહીઃ સંજયભાઈ ભીખુભાઈ કાપડીયા
એડવોકેટ
મો.૯૭૩૭૬ ૪૯૧૦૧

નામ બદલાવેલ છે

આથી હું એકતા હરજીભાઈ સોરઠીયા જાહેર કરૂ છું કે મારૂ નામ એકતા હરેશભાઈ સોરઠીયા માંથી બદલાવીને એકતા હરજીભાઈ સોરઠીયા કરેલ છે અને હવે પછી થી હું એકતા હરજીભાઈ સોરઠીયા તરીકે ઓળખાઇશ.

એકતા હરજીભાઈ સોરઠીયા
રહે. : રાજકોટ

નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર શોભનાબેન કમલેશ સોમૈયા જાહેર કરૂ છું કે મે મારૂ નામ શોભના કમલેશ સોમૈયા માંથી બદલાવીને શોભનાબેન કમલેશ સોમૈયા કરેલ છે અને હવે પછી શોભનાબેન કમલેશ સોમૈયા તરીકે ઓળખાશે.

શોભનાબેન કમલેશ સોમૈયા
રઘુકુલ, પંચરત્ન પાર્ક – ૪, પંચવટી હોલ પાછળ, અમીન માર્ગ, રાજકોટ–૩૬૦ ૦૦૫

Stocks and Securities
Aditya Birla Money Ltd.

ADITYA BIRLA CAPITAL
PROTECTING INVESTING FINANCING ADVISING

નોંધણીકૃત કાર્યાલયઃ ઇન્ડિયન રેયોન કમ્પાઉન્ડ, વેરાવળ- 362 266, ગુજરાત, CIN - L65993GJ1995PLC064810; Email - abml.investorgrievance@adityabirlacapital.com; Website: www.adityabirlamoney.com; ફોનઃ +91-44-49490000; ફેક્સઃ +91-44-22501095

આદિત્ય બિરલા મની લિમિટેડની અસાધારણ સામાન્ય સભા અંગેની માહિતી

1. આદિત્ય બિરલા મની લિમિટેડના સભ્યોની અસાધારણ સામાન્ય સભા (EGM) ગુરૂવાર, ડિસેમ્બર 16, 2021ના રોજ સવારે 11.00 વાગ્યે વિડિઓ કોન્ફરન્સીંગ (વીસી) / અન્ય ઓડિઓ વિઝ્યુઅલ મીન્સ (OAVM) દ્વારા, કંપની અધિનિયમ, 2013 અને તેના હેઠળ બનાવેલા નિયમો એપ્રિલ 8, 2020, એપ્રિલ 13, 2020 અને જૂન 23, 2021 ના રોજ કોર્પોરેટ બાબતોના મંત્રાલયના સામાન્ય પરિપત્રો, અને SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, 2015 અને SEBI દ્વારા જારી કરાયેલ અન્ય લાગુ પરિપત્રો સાથે EGM બોલાવતી નોટિસમાં નિર્ધારિત વ્યવસાયના વ્યવહાર માટે યોજાશે.
2. VC/OAVM સુવિધા દવારા ભાગ લેનારા સભ્યોની ગણતરી કંપની એક્ટ, 2013ની કલમ 103 હેઠળ કોરમના હેતુ માટે કરવામાં આવશે.
3. ઉપરોક્ત પરિપત્રોના પાલનમાં, EGM ની સૂચના કંપનીના તમામ સભ્યોને જેમના ઈમેઈલ આઈડી(ઓ) કંપની / ડિપોઝિટરી સહભાગીઓ સાથે નોંધાયેલા છે, તે બધા સભ્યોને મોકલવામાં આવી છે.
4. નોટિસ કંપનીની વેબસાઇટ www.adityabirlamoney.com, સ્ટોક એક્સચેન્જો, એટલે કે BSE લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઑફ ઇન્ડિયા લિમિટેડની વેબસાઇટ અનુક્રમે www.bseindia.com અને www.nseindia.com અને CDSLની વેબસાઇટ www.evotingindia.com પર પણ ઉપલબ્ધ હશે.
5. ફિઝિકલ મોડમાં શેર ધરાવતા સભ્યો, જેમણે કંપની સાથે તેમના ઈમેલ એડ્રેસ(ઓ)ની નોંધણી/અપડેટ કરાવ્યું નથી, તેમને ફોલિયો નંબરની વિગતો સાથે કંપનીને પત્ર લખીને અને પાન કાર્ડની સ્વ-પ્રમાણિત નકલ જોડીને abml.investorgrievance@adityabirlacapital.com પર અથવા કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ, M/s. કેમિયો કોર્પોરેટ સર્વિસ લિમિટેડને investor@cameoindia.com પર નોંધણી/અપડેટ કરવા વિનંતી કરવામાં આવે છે.
6. ડીમટીરિયલાઈઝડ મોડમાં શેર ધરાવતા સભ્યો કે જેમણે તેમના ડિપોઝિટરી સહભાગી(ઓ) સાથે તેમના ઈમેઈલ એડ્રેસ(સ)ની નોંધણી કરાવી નથી તેઓને તેમના ઈમેલ એડ્રેસ(સ)ને ડિપોઝિટરી સહભાગીઓ (ઓ), જેમની સાથે તેઓ તેમનું ડીમેટ ખાતા (ખાતાઓ) જાળવી રાખે છે સાથે નોંધણી/અપડેટ કરવા વિનંતી કરવામાં આવે છે.
7. સભ્યો ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ દ્વારા ઈજીએમની સૂચનામાં નિર્ધારિત વ્યવસાયો પર તેમનો મત આપી શકે છે.
8. ડીમટીરિયલાઈઝડ મોડ, ફિઝિકલ મોડમાં શેર ધરાવતા સભ્યો અને જે સભ્યોએ તેમના ઈમેલ એડ્રેસ(ઓ)ની નોંધણી કરાવી નથી તેઓને દૂરથી મતદાન કરવાની રીત તેમના માટે ઈજીએમની સૂચનામાં પ્રદાન કરવામાં આવી છે.
9. ઈ-વોટિંગ માટેની સુવિધા ઈજીએમમાં હાજર રહેલા સભ્યો કે જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો નથી, તેઓ ઈજીએમમાં મતદાન કરી શકશે.
10. સભ્યો www.evotingindia.com પર VC/OAVM દવારા EGMમાં હાજરી આપી શકશે.
11. જે સભ્યો ભૌતિક સ્વરૂપે શેર ધરાવે છે અથવા જેમણે કંપનીમાં તેમનું ઈમેલ એડ્રેસ (ઓ) રજીસ્ટર કરાવ્યું નથી અથવા EGM ની નોટિસ મોકલ્યા પછી કંપનીના સભ્ય બને છે તે કોઈપણ વ્યક્તિ helpdesk.evoting@cdslindia.com પર વિનંતી મોકલીને ઈ-વોટિંગ માટે યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે. જો સભ્ય પહેલેથી જ ઈ-વોટિંગ માટે CDSL સાથે નોંધાયેલ હોય, તો તે/તેણી, તે/તેણીના હાલના યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકે છે.
12. સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ ઇજીએમની સૂચનામાં દર્શાવેલ નોંધો અને ખાસ કરીને ઇજીએમમાં જોડાવા માટેની સૂચનાઓ, રિમોટ ઇ-વોટિંગ દ્વારા અથવા ઈ-વોટિંગ દ્વારા ઇજીએમ દરમિયાન મતદાન કરવાની રીત વાંચે.

આદિત્ય બિરલા મની લિમિટેડ વતી

સ્થળ : મુંબઈ
તારીખ : નવેમ્બર 23, 2021

સંગીતા શેટ્ટી
કંપની સેક્રેટરી